# પ્રાયવેટ ફોસ્ટરીંગ એ શું છે?

સગપણમાં ન હોય એવી કોઇ વ્યક્તિ સાથે બાળક રહેતું હોય અથવા તેમની કાળજી લેવામાં આવતી હોય  તે વ્યવસ્થાને પ્રાયવેટ ફોસ્ટરીંગ કહેવામાં આવે છે.

આ ઘણાં કારણોને લીધે હોય શકે છે અને એ કામચલાવ અથવા લાંબા સમય માટે હોય શકે છે.

કદાચ બાળકના માબાપની તબિયત સારી ન હોય અથવા પરિવારમાં કોઇ મુશ્કેલી હોય. આ વ્યવસ્થા સુવિધા માટે પણ હોય જ્યારે વાલીઓ બીજા દેશમાં રહેતા હોય.




# સંપર્કો

અમારો સંપર્ક કરો અને હવે પછી શું કરવું એ અમે તમને જણાવી શકીએ છીએ. જો જરૂર પડે તો બીજી ભાષામાં પણ માહિતીની વ્યવસ્થા અમે કરી શકીએ છીએ. જો તમે નીચે મુજબ રહેતા હોય તો આ પ્રમાણે સંપર્ક કરો:

લેસ્ટર
0116 4541004 ઉપર ફોન કરો

લેસ્ટરશાયર
0116 305 0005 ઉપર ફોન કરો

રટલેન્ડ
01572 758407 ઉપર ફોન કરો

**સેઇફગાર્ડીંગ ચીલ્ડ્રન બોર્ડ લેસ્ટરશાયર એન્ડ રટલેન્ડ**
www.lrsb.org.uk

**સેઇફગાર્ડીંગ ચીલ્ડ્રન બોર્ડ લેસ્ટર**
www.lcitylscb.org

N0908 3/15

Safeguarding Children Board LEICESTERSHIRE & RUTLAND

Leicester Safeguarding Children Board




# કાળજીલેનારાઓ માટે માહિતી

GUJARATI

## સંજોગો બાબતમાં અમારી સાથે વાતચીત કરો

જો તમે કોઇ વ્યક્તિના બાળકની કાળજી રાખતા હોય અથવા તમે કોઇને ઓળખતા હોય જેઓ એ પ્રમાણે કરતા હોય તો, તમારે તમારી સ્થાનિક સંસ્થાની ચીલ્ડ્રન્સ સર્વિસીસ સાથે વાત કરવી જોઇએ.

જ્યાં જરૂર હોય ત્યાં મદદ પૂરી પાડી શકાય છે.

જુદી જુદી અને કદાચ મુશ્કેલ પરિસ્થિતિને કારણે પ્રાયવેટ ફોસ્ટરીંગની જરૂર પડે એ બાબત અનુભવી સોશ્યલ વર્કરો સમજે છે. તેમને એ બાબતની પણ ખબર છે કે એક કાયદો (ચીલ્ડ્રન એક્ટ 1989)અમલમાં છે જે એ બાબતની ખાતરી કરે છે કે બધાં બાળકો સલામત હોય અનત તેમની કાળજી રાખવામાં આવતી હોય.

> "સોશ્યલ વર્કર સુ, ઘણાં સારાં છે,"

> "દરેક બાબત બહાર પડી અને અમે ઠીક ચલાવીએ છે એ જાણી ઘણી શાંતિ થઇ."

## અમે ક્યા પ્રકારની મદદ પૂરી પાડીએ છીએ?

ચીલ્ડ્રન્સ સર્વિસીસ પાસે અનુભવી ટીમ છે જેઓ સલાહ અને તમારે અને તમારા બાળક માટે ખાનગી સંપર્ક પૂરો પાડી શકે છે.

આ વ્યવસ્થા માટે જ્યારે કાઉન્સિલને ખબર આપવામાં આવે ત્યાર પછી એક અઠવાડિયાંની અંદર સોશ્યલ વર્કર તમારી અને બાળકની મુલાકાત લેશે. ત્યાર પછી પહેલા વર્ષ દરમ્યાન દર છ અઠવાડિયે અને ત્યાર પછી દર બાર અઠવાડિયે તેઓ મુલાકાત લેશે. કોઇ પણ બાબત વિષે વાતચીત કરવા માટે બાળક અથવા તેમની કાળજી લેનાર કોઇ પણ સમયે સોશ્યલ વર્કરનો સંપર્ક કરી શકે છે.

સોશ્યલ વર્કર નીચેની બાબતો ઉપર સલાહ આપી શકે છે:

- ભાવનાશીલ વિકાસ
- શિક્ષણ
- આરોગ્ય માટેની કાળજીઓ
- આર્થિક વ્યવસ્થા અને મદદ
- કાનુની જવાબદારીઓ

## પ્રાયવેટ ફોસ્ટરીંગની વ્યવસ્થા એ શું છે?

16 વર્ષની અંદરનું (અથવા બાળકને જો કોઇ અસમર્થતા હોય તો 18 વર્ષની અંદર) બાળક જો કોઇ બીજી વ્યક્તિ સાથે રહેતું હોય અથવા એની કાળજી રાખવામાં આવતી હોય તો, તે બાળકને પ્રાયવેટલી ફોસ્ટર્ડ ચાઇલ્ડ કહેવામાં આવે છે.

કાળજીલેનાર વ્યક્તિ એવી હોવી જોઇએ જે નીચે મુજબ ન હોય:

- વાલી અથવા બીજી કોઇ વ્યક્તિ જેની બાળક માટે માબાપ તરીકેની જવાબદારીઓ હોય.
- નજીકના સગા; દાખલા તરીકે દાદા,દાદી, નાના નાની, સાવકા માબાપ, ભાઇ અથવા બહેન, કાકા,મામા,માસા, અથવા કાકી,મામી ,માસી. સંબંધી સાવકા, સગા અથવા લગ્ન દ્વારા હોય શકે છે.

**આ એવી વ્યવસ્થા છે જેનો હેતુ 27 દિવસ કરતાં વધુ સમય માટે ચાલુ રહે એવો હોય છે.**

> "સુએ મને મદદ કરી અને આયશાની માતા લેખિત કરાર તૈયાર કરે છે આથી દરેક બાબત કાનુની છે અને સુરક્ષિત છે."